# ૭ ગણેશ ચતુર્થી ૭

ગણેશ ચતુર્થી ઉજવવી જોઈએ પણ કેમ ઉજવાય છે? કઈ રીતે ઉજવાય છે? કઈ રીતે ઉજવવી જોઈએ? શા માટે ઉજવી જોઈએ ? જે આજના 21મી સદીના વૈજ્ઞાનિક યુગના ભારતીય માનવીને ખબર હોવી જોઈએ. શ્રી ગણપતિના જન્મદિવસની પૌરાણિક કથા મુજબ પાર્વતીનું સ્નાન કરવા બેસવું- ગણપતિનું ચોકીદાર બનવું -શિવજીનું આવવું- પિતા પુત્રનું યુદ્ધ થવું,- ગણપતિનું માથું કાપવું, -પાર્વતીને ક્રોધ –નારાજગી- શિવજીએ હાથીના બચ્ચાનું માથું લગાવવું... હવે આ કથા વાર્તામાં હાથીનું બચ્ચું તો મરી ગયું હશે ને ? (ગણેશનું પોતાનું માથું ના લગાવ્યું !!!) અને ગણેશ જીવતા થયા. ત્યારે માં ભગવતીનો ક્રોધ શાંત થયો. ગણપતિ પુન:જીવિત થવા કારણે દસ દિવસનો તહેવાર ઉજવાય છે.

સૌપ્રથમ પુણેમાં જાહેરમાં ઉજવાયો હતો.સાંસ્કૃતિક તેમજ ખાસ રાષ્ટ્રવાદને ઉત્તેજન આપવા માટે ઉજવાયો હતો. મરાઠા સામ્રાજ્યમાં શિવાજી મહારાજના શાસન વખતે પણ ઉજવાતો હતો. બાળ ગંગાધર લોકમાન ટીળકે વધુ પ્રચલિત કર્યો હતો. સામુહિક પૂજનના બહાને લોકોને ભેગા કરી શકાશે અને સ્વાતંત્રની લડતમાં જોડી શકાશે. મિત્રો અંગ્રેજ સરકારે એ સમયે 144 ની કલમ (હાલ પણ એ કલમ ચાલુ જ છે) મુજબ કોઈને ભેગા થવા દેતી ન હતી, પણ ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ પછી ભારત પર સીધું ઈંગ્લેન્ડની સરકારનું આધિપત્ય આવ્યું અને કંપનીનું રાજ્ય બંધ થયું અને ત્યારથી અંગ્રેજ સરકાર ભારતમાં ધાર્મિક કાર્યક્રમમાં કોઈ દખલગીરી કરતી ન હતી. આથી ધાર્મિક પ્રોગ્રામ કરીને, લોકોને ભેગા કરી શકાશે. તેમજ સ્વરાજ મેળવવા માટે અને એકતા સાધવાનો મુખ્ય ઉદ્દેશથી ગણપતિ ઉત્સવ, સામાજિક રીતે ઉજવીને થઈ શકશે એવું લોકમાન્ય તિલક માનતા હતા એટલે એમણે એ પ્રમાણે કરી બતાવ્યું.

પહેલા બધા લોકો પોતાના ઘરે ગણપતિ ચતુર્થી મનાવતા હતા.. નાગ પંચમીની જેમ, જેવી તે ગુજરાતમાં દશામાના વ્રતનો નવો ઉત્સવ થાય છે. તેમજ શ્રીકૃષ્ણનું બાળ સ્વરૂપ લડ્ડુ ગોપાલના જન્મદિવસે જન્માષ્ટમી ઉજવણી કરીએ

છીએ તે રીતે લડડું ગોપાલ ઘરના મંદિરમાં કાયમ હોય જ છે. એમને ઘરમાંથી લાવીને પૂજન, ભજન, કીર્તન, સંકીર્તન કરીએ છીએ. એમ માટીના ગણપતિ બનાવવા પછી ફૂલ અને વનસ્પતિનો શણગાર સજાવવાનું, ઘરમાં સ્થાપન કરવાનું અને પછી તેમને ઘરના  મંદિરમાં લઈ જઈ, ઘરમાંથી વિદાય આપવાની તે પ્રમાણે થતું હતું. તેમાંથી થોડું આગળ વિસર્જનની વિધિ ચાલુ થઈ. ઘરમાં સ્થાપન કરવાનું પછી ઘરમાં કે ગામના તળાવ કે ગામની નદીઓમાં વિસર્જન. માટીમાં માટી ભળી જાય તો કોઈ પ્રદૂષણ નહીં થાય અને પ્રકૃતિને નુકસાન કર્યા વગર ગણેશ  ચતુર્થી ને ઉજવણી થાય કે કરતા હતા.

હાલના સમાજમાં  ગણેશ ચતુર્થીના તહેવારની ઉજવણી કરીએ છીએ. એકદમ વરવું રૂપ ધારણ કર્યું છે. દુકાનોમાં ગણપતિ કેમિકલ યુક્ત, કલર વાળા ગણપતિ લેવા જવાના અને એ પણ અવાજનું પ્રદૂષણ કરતા કરતા કેમિકલ વાળા કલર, (અબીલ ગુલાલ ના કહેવાય) ઉડાડતા ઉડાડતા, વાજતે ગાતે  લેવા જવાના વાદન, ગાયન માટે ખર્ચ કરીને, એક  ઓરકેસ્ટ્રાની ટીમ  બોલાવાની, ફિલ્મી ગીતો ગાતા ગાતા, નાચતા કુદતા  લેવા જવાના. ગણપતિના  વેચાણ દુકાન નજીક હોય તો  ત્યાં, નહી તો  નક્કી કરેલી જગ્યાએ મૂકવાના અને પછી લાવીને દસ દિવસ બાદ ગણપતિનુ વિસર્જન  કરવાનું, તળાવમાં, નદીઓમાં, અપમાન કરતા હોય એ રીતે ગણપતિને  નદીમાં જોર જબરજસ્તી ડૂબાડવાના અને પાણી બગાડવાના.

મિત્રો દુનિયામાં નદીને માતા ગણવાવાળી, ગાયને માતા ગણવા વાળી, પવિત્ર ભૂમિ ભારતમાં જ નદી માતાને સૌથી વધુ પ્રદૂષિત કરવામાં આવે છે. સરકાર સફાળી જાગીને રસ્તો કાઢ્યો છે. લાખો રૂપિયાના ખર્ચે કુંડ  બનાવે છે. નદીના કિનારે કુંડ  બનાવે છે અને ગણપતિનું વિસર્જન કુંડમાં , કુંડનું પછી શું થાય છે? એ રામ જાણે, પણ નદીનો કિનારો ગંદકીથી ઉભરાઈ જાય છે. નદીના કિનારે પ્લાસ્ટિકની બોટલો, પ્લાસ્ટિકની બેગો, કંકુ, ચોખા, ચુંદડીઓ, માથે લગાવવાની પટ્ટીઓ, કાગળ બધું જ્યાં ત્યાં ગંદકી જ ગંદકી અને દરેક વાર ગણપતિ વિસર્જનમાં નદીમાં ગણેશજી પોતાને સાથે દસ -બાર વ્યક્તિઓને પણ સાથે લઈને જ જાય છે. દસ દિવસની બધાને સાથે  રહેવા  ટેવાઈ  ગયેલા  ગણપતિને

એકલા જવું કેમ ગમે? પોતે એકલા વિસર્જિત થતા નથી, સાથે અમુક વ્યક્તિઓનું પણ વિસર્જન થઈ જાય છે. જાગવાની જરૂર છે. સમજવાની જરૂર છે.

યોગ્ય રીતે ગણપતિ ચતુર્થી ઉજવવાની જરૂર છે. હવે અમુક સમજુ લોકો નાની મૂર્તિઓ લાવે છે અને ઘરમાં જ મોટા ટબમાં વિસર્જન ગોઠવે છે. ગણપતિએ, (ગણેશએ) મેળવેલા ગુણ કે જ્ઞાનને પચાવવાની જરૂર છે, પણ આપણે તો આ તહેવારને નવરાત્રિની જેમ મોજ શોખનો તહેવાર બનાવી દીધો છે. મોજ શોખ ધર્મના નામે તો ના જ હોય. જેમ કે બકરી ઈદના દિવસે માંસની મિજબાની. જેમણે આખી સૃષ્ટિનું સર્જન કર્યું હોય એનું વિસર્જન હોય કદી? કોઈ દિવસ વિચારો તો ખરા ? કયા અર્થમાં સર્જન - વિસર્જનની વાત છે? એ તો સમજો. ગાડરિયો પ્રવાહના બનો.

બારેમાસ ઘરમાં ગણપતિનું સ્થાપન કરેલું હોવું જોઈએ. ધાતુ જેવી કે અલ્યુમિનીયમ,તાંબા,પિત્તળ,ચાંદીના,સોનાના ગણપતિ ઘર મંદિરમાં રાખો.અને કદાચ કરવું હોય તો તે દિવસે મંદિરમાંથી, ઘરના રૂમમાં લાવો અથવા નજીકના માતાજી કે શિવજીના મંદિરમાં લેવા જાવ અને ત્યાં જઈ મૂકી આવો, માટીના લાવશો તો મંદિરના બગીચામાં વિસર્જન કરાવો. આપના પોતાના ઘરમાં દશ દિવસ શું કરવાનું? ગણપતિના ગુણો, હાથીના જેવા ગુણો (ઝીણું અવલોકન, મોટું પેટ, સ્થિરતા, નીરક્ષીર વિવેક, અડગતા )મારામાં થોડા ઘણા અંશે ઉતરે, તેવા પ્રયત્ન કરવાના. ગણપતિ લગતું સાહિત્ય વાંચવાનું. શિવ પુરાણ તટસ્થ સમદ્રષ્ટિ રાખી વાંચન કરો. વેદ, ઉપનિષદ, ગીતાનું વાંચન કરવું. તેનો સ્વાધ્યાય કરવાનો તો જ સાચી રીતે ગણપતિની પૂજા થઈ કહેવાય. બાકી મોજ શોખના વધારામાં એક વધુ તહેવાર ધર્મના નામે.

આજા માનવના
જય ભગવાન જય પરમાત્મા
"વૈશ્વિક જીવન દર્શન પુસ્તક માંથી"